# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૧ તા.૦૩-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- સ્વચ્છ પખવાડા તા.૦૨ થી ૧૭ સપ્ટેમ્બર,૨૦૨૪ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ :- પત્રક્રમાંક : સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૪/૩૨૫૭૩-૬૪૭ તા.૨૮-૦૮-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬ થી 'સ્વચ્છ પખવાડા'ની ઉજવણી કરવામાં આવેલ છે. જેનું નિરીક્ષણ રાજય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથેના સંકલનમાં ભારત સરકારના તમામ મંત્રાલયો દ્વારા કરવામાં આવે છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા.૦૨ થી ૧૭ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમ્યાન રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા પખવાડાની ઉજવણી કરવામાં આવનાર છે.તમામ પ્રાથમિક શાળાઓમાં આ સાથે સામેલ સંદર્ભિત પત્ર તેમજ માર્ગદર્શિકામાં આપેલ સૂચના અને માર્ગદર્શન મુજબ રોજે રોજ પ્રવૃત્તિઓ કરવાની રહેશે અને નીચે દર્શાવેલ ગૂગલ ડ્રાઈવ અને લીંક પર પોતાની શાળાનું ફોલ્ડર બનાવી તેમાં રોજે રોજ થયેલ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ,વિડીયો અને અહેવાલ અપલોડ કરવા જણાવવામાં આવે છે.

ગૂગલ ડ્રાઈવ : https://drive.google.com/drive/folders/1gEE_1_BBl1akVP1nTBbiBWzxV9OI7GB-?usp=sharing

ગૂગલ ટ્રેકર લીંક : https://docs.google.com/spreadsheets/d/1VKbFMUHF3PYLsLiJFd8Rciur5ZZkgc8/edit?usp=sharing&ouid=118184964393304737009&rtpof=true&sd=true

બિડાણ : સંદર્ભિત પત્ર અને માર્ગદર્શિકા

તા.૦૩-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail –gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/૧/૨૦૨૪/37573-647 તા-૨૮.૦૮.૨૦૨૪

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી-અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ

**વિષય:** સ્વચ્છતા પખવાડા 2024ની ઉજવણી કરવા બાબત.
**સંદર્ભ:** MoE ભારત સરકારના પત્રક્રમાંક:D.O.No.F.27-2/2024-IS-9, તા.02.08.2024 અંતર્ગત

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬થી સ્વચ્છતા પખવાડાની ઉજવણી દર વર્ષે કરવામાં આવી રહી છે. આ વર્ષે પણ **"સ્વચ્છતા પખવાડા 2024"**ની ઉજવણી કરવામાં આવનાર છે. આ બાબત ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ શાળાઓ તથા બી.આર.સી.કો.ઓ./સી.આર.સી.કો.ઓ.,/એસ.એમ.સી.ના સભ્યો/તમામ શાળાઓના મુખ્ય શિક્ષકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીગણ તેમજ ગ્રામજનો ઉજવણીમાં ભાગ લે તે પ્રમાણે આયોજન કરવાનું રહેશે.

ભારત સરકારના સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબ **"Suggested Action Plan for Swachchhata Pakhwada (02 to 17 September 2024)"** અંતર્ગત આપના તાબા હેઠળની તમામ કચેરીઓ અને શાળાઓમાં જણાવેલ વિગતે પ્રવૃત્તિઓ થાય તે સુનિશ્ચિત કરશો, તેમજ મોનીટરીંગ સ્ટાફ દ્વારા સુચારૂ અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

ભારત સરકારના શિક્ષા મંત્રાલયને દરેક દિવસની થયેલ પ્રવૃત્તિની વિગતો MoEના ટ્રેકર પર રોજે રોજ આપવાની છે. ઉક્ત બાબતે આપના જિલ્લાની માહિતી પણ આ સાથે સામેલ ગૂગલ ટ્રેકર પર રોજેરોજ અપડેટ કરવાની રહેશે. જે અન્વયે બ્લોક કક્ષાએ બ્લોક એમ.આઇ.એસ. દ્વારા માહિતી એકત્રિત કરી જિલ્લા કક્ષાએ એમ.આઇ.એસ.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.

આ કાર્યક્રમના સુચારુ અમલીકરણ માટે જિલ્લા OIC QEM દ્વારા ખાસ કાળજી લેવાની રહેશે તેમજ જિલ્લા દ્વારા થયેલ પ્રવૃત્તિઓની ટ્રેકરમાં જણાવેલ સંખ્યાત્મક તેમજ અન્ય વિગતો જિલ્લા કક્ષાએ જિલ્લા એમ.આઇ.એસ.કો.ઓ દ્વારા રોજે રોજ ભરાય તે માટે જિલ્લા OIC QEMએ ખાસ કાળજી રાખવાની રહેશે.

**ગૂગલ ટ્રેકર લીંક** - https://docs.google.com/spreadsheets/d/1VKbFMUHF3PYLsLiJFd8Rciur5ZZkgc8/edit?usp=sharing&ouid=118184964393304737009&rtpof=true&sd=true

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઑફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>બિડાણ</u>- ટ્રેકર સીટ, સ્વચ્છતા પખવાડાની ઉજવણી માટેના મુદ્દાઓ અને પ્રવૃત્તિઓની યાદી

**<u>નકલ સવિનય રવાના-(જાણ સારું)</u>**

- માન.એસપીડીશ્રી, સદર કચેરી
- માન.નિયામકશ્રી શાળાઓની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- માન.નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, જૂના સચિવાલય, ગાંધીનગર
- માન.નિયામકશ્રી GCERT, ગાંધીનગર
- માન.એડી.એસપીડીશ્રી, સદર કચેરી

**<u>નકલ કાર્યવાહી અર્થે</u>**

- આશિ.ડાયરેક્ટરશ્રી(IT), MIS શાખા, સદર કચેરી
  (જિલ્લા કક્ષાએથી ઉક્ત માહિતી આવ્યેથી ભારત સરકારના પત્રમાં જણાવેલ ગૂગલ ટ્રેકર ઉપર રોજેરોજ અપલોડ કરવાની રહેશે)

## <u>સ્વચ્છતા પખવાડા ૨૦૨૪ માટે સૂચવેલ એક્શન પ્લાન</u>
## <u>(૨ થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪)</u>

**<u>૦૨.૦૯.૨૦૨૪ (સોમવાર) અને ૦૩.૦૯.૨૦૨૪ (મંગળવાર)</u>**

**<u>સ્વચ્છતા જાગૃતિ દિવસ</u>**

- SMCs/SMDCs/PTAsની મીટિંગ યોજવી. સ્વચ્છતા અને આરોગ્યનું મહત્વ તથા હાથ ધોવાનું મહત્વ, માસ્કનો ઉપયોગ અને બાળકો, માતાપિતા તથા શિક્ષકો વચ્ચે સામાજિક અંતર અને શાળા તેમજ ઘરમાં સ્વચ્છતા અને આરોગ્ય માટે તેમને પ્રોત્સાહિત અને પ્રેરિત કરવા.
- શિક્ષકો શાળા/સંસ્થાના દરેક ખૂણામાં સ્વચ્છતા સુવિધાઓનું નિરક્ષણ કરવા માટે ઝડપી મૂલ્યાંકન કરે અને સુવિધાઓની જાળવણી માટે દરખાસ્ત/યોજના બનાવવી.
- વોશ સુવિધાઓ (હાથ ધોવાની સુવિધા, દૈનિક સફાઇ અને ચેપ રહિત ક્રિયા, શૌચાલયનો ઉપયોગ, પાણીની સુવિધાનો ઉપયોગ, વેન્ટીલેશન, કચરાનું વ્યવસ્થાપન વગેરે)ના અનુકૂલન માટે સ્થાનિક પ્રતિનિધિઓ સાથે ચર્ચા થઇ શકે છે. છોકરીઓ અને છોકરાઓ માટે પૂરતા સ્વચ્છ અને અલગ શૌચાલય, સાબુ, હેન્ડવોશ અને સ્વચ્છ પાણી, જંતુનાશક વસ્તુ, ચોક્કસ વસ્તુ માટે સફાઇ કર્મચારી વગેરે બાબતો સામેલ કરવી
- જલ જીવન મિશન અંતર્ગત શાળામાં પાણી પુરવઠાના જોડાણનું ચકાસણી/સમીક્ષા કરી શકાય છે.
- **<u>જલ શક્તિ અભિયાન – કેચ ધ રેઇન ૨૦૨૪</u>** અંતર્ગત શાળાઓમાં વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થાની હાલની સ્થિતિ અને તેની ક્ષમતા વૃદ્ધિ માટે આયોજન કરી શકાય.
- શાળા સંકુલમાં શૌચાલય, MDM રસોડું, વર્ગખંડો, પંખા, દરવાજા, બારીઓની સફાઇ કરવી, અને જાળાં હટાવવાની પ્રવૃત્તિ કરવી. કીટાણુંનાશક દવાઓનો છંટકાવ કરાવી શકાય. SMCs/PTAs અને સ્થાનિક પ્રતિનિધિઓની સહભાગિતા સાથે સ્થાનિક સમુદાય આ પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે છે.
- યોગ્ય પ્રક્રિયા અનુસરીને જૂની ફાઈલોના રેકોર્ડનો નિકાલ/જાળવણી.
- તમામ પ્રકારનો ભંગાર જેમ કે તૂટેલું ફર્નીચર, બિન ઉપયોગી સાધનો, નિષ્ક્રિય વાહનો વગેરે શાળા/સંસ્થાના પરિસરમાંથી સંપૂર્ણ પણે દૂર કરી શકાય.

**<u>૦૪.૦૯.૨૦૨૪ અને ૦૫.૦૯.૨૦૨૪ (બુધવાર અને ગુરુવાર)</u>**

**<u>સમુદાય જાગૃતિ દિવસ</u>**

- શૌચાલયના ઉપયોગને ટકાવી રાખવા અને તેમના વિસ્તારોમાં કચરા વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સ્વચ્છતા પર સ્થાનિક સમુદાયોને સંબોધવા માટે તમામ શિક્ષકો નજીકના ગામોની મુલાકાત લઇ શકે છે. તેઓ સ્થાનિક સમુદાયને જળ સંસાધનોનો બગાડ અટકાવવા અને તેમને જળ સંરક્ષણ અને ચાલી રહેલા જલ શક્તિ અભિયાન વિશે જાગૃત કરવા માટે પણ સંવેદનશીલ બનાવી શકે છે.
- દરેક શાળામાં શિક્ષક દિવસ યોગ્ય રીતે ઉજવે
- સ્થાનિક વિસ્તારોમાં લોકો વચ્ચે પ્રતિનિધિઓ સાથે મળીને શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સ્વચ્છતા પખવાડીયાની થીમનો પ્રચાર પ્રસાર કરવો.

- જાગૃતિની પ્રવૃત્તિમાં શિક્ષકોની ભાગીદારીની સંખ્યા ગૂગલ ટ્રેકર પર તેમજ ફોટો, વીડિયો અને પ્રચાર સામગ્રી ગૂગલ ડ્રાઈવ પર અપલોડ કરવી.

**<u>૦૬.૦૯.૨૦૨૪ (શુક્રવાર)</u>**

**<u>ગ્રીન સ્કૂલ ઝુંબેશ દિવસ</u>**

- વિદ્યાર્થીઓને વિવિધ થીમ જેમ કે જળ સંરક્ષણ, સિંગલ યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવા વગેરે પર કાલ્પનિક સૂત્રો, પોસ્ટરો અને પેમ્ફલેટ તેમજ શાળા પ્રદર્શનોમાં અને ગામ/શહેરની દિવાલો/શાળા પરિસરમાં પ્રદર્શિત કરી શકાય છે.
- જળસંરક્ષણ વિષે બાળકોને માહિતગાર કરવા. પાણીની અછતની અસરોથી બાળકોને વાકેફ કરવા. પાણીના કુદરતી સ્ત્રોતોના રક્ષણ માટે બાળકોને તૈયાર કરવા. દરરોજ ઓછામાં ઓછું એક લીટર પાણી બચાવવા માટે બાળકોને મદદરૂપ થવું. વિદ્યાર્થીઓને શાળામાં અને ઘરે પાણીનો વિવેક પૂર્વકનો ઉપયોગ અને ઓછામાં ઓછો બગાડ કરવા માટે પ્રોત્સાહિત કરવા.

**<u>૦૭.૦૯.૨૦૨૪ અને ૦૮.૦૯.૨૦૨૪ (શનિવાર અને રવિવાર)</u>**

**<u>સ્વચ્છતા ભાગીદારી દિવસ</u>**

- શાળાઓમાં સ્વચ્છ અને સુવ્યવસ્થિત પરિસર અને શૌચાલય માટે જિલ્લા/બ્લોક/ક્લસ્ટરમાં સ્પર્ધાઓ યોજી શકાય છે.
- સ્વચ્છતા પર ચિત્રકામ, અભિનય, કવિતા નિર્માણ, સ્લોગન લેખન સ્પર્ધાઓ યોજવી.
- સ્વચ્છતા પર ચર્ચા
- ટ્રેકર પર ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા અપલોડ કરવી અને ગૂગલ ડ્રાઈવ પર જિલ્લા દીઠ ટોપ ૩(ત્રણ) નિબંધ, સ્લોગન અને પેઈન્ટિંગ સ્કેન કરવા.

**<u>૦૯.૦૯.૨૦૨૪ અને ૧૦.૦૯.૨૦૨૪ (સોમવાર અને મંગળવાર)</u>**

**<u>હેન્ડવોશ દિવસ</u>**

- રોજિંદા જીવનમાં યોગ્ય રીતે હાથ ધોવાના મહત્વ વિષે જાગૃત કરવા.
- બાળકોને જમ્યા પહેલા અને પછી સાબુથી હાથ ધોવાની યોગ્ય રીત/સ્ટેપ અને સમયગાળાની માહિતી આપવી જોઈએ.
- દિવ્યાંગ વિધાર્થીઓ માટે પીવાના પાણી અને શૌચાલયની સુવિધાઓમાં અવરોધ મુક્ત પ્રવેશની ચકાસણી અને ખાતરી કરવી.
- વિદ્યાર્થીઓને પાણીનો બગાડ ચકાસવા વિશે શીખવવું.
- હેન્ડ વોશિંગ યુનિટમાંથી પાણી શાળાના બગીચાઓમાં મોકલવામાં આવે.
- બાળકોને પાણીથી થતા રોગો, પીવાના પાણીની સલામત સંભાળ વિશે શીખવવામાં આવે જેથી તેઓ યોગ્ય હાથ અને મુખની સ્વચ્છતા જાળવી શકે.

**૧૧.૦૯.૨૦૨૪ (બુધવાર)**

**વ્યક્તિગત સ્વચ્છતા દિવસ**

- વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને અન્ય લોકો સ્વચ્છતા જાળવવા પ્રેરિત થાય એ માટે દ્રશ્ય-શ્રાવ્ય કાર્યક્રમનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને નખ કાપવા અને સાફ રાખવાની યોગ્ય રીત, સ્વચ્છ પાણીથી રોજ નાહવું, સ્વચ્છ કપડાં પહેરવા, ખુલ્લામાં થૂંકવાનો નિષેધ, જૂતાં/ચપ્પલ પહેરવા વગેરે (માસ્ક યોગ્ય રીતે પહેરવું, હાથ નહિ મિલાવવા, નાકની સફાઈ, વ્યક્તિગત વસ્તુઓ તથા ખોરાક અન્ય સાથે ન વહેંચવો) વિષે શીખવવામાં આવે.
- વિદ્યાર્થીઓને શૌચાલય અને પીવાના પાણીની સુવિધાઓનો ઉપયોગ કરવાની આરોગ્યપ્રદ રીત શીખવવામાં આવશે.
- વિદ્યાર્થીઓને દિવસમાં બે વખત દાંત સાફ કરવાના મહત્વથી વાકેફ કરવામાં આવે અને તેને નિયમત ટેવ બનાવવી.

**૧૨.૦૯.૨૦૨૪ (ગુરુવાર)**

**સ્વચ્છ શાળા પ્રદર્શન દિવસ**

- સ્વચ્છતા પ્રવૃત્તિઓ પર વિધાર્થીઓ દ્વારા બનાવેલા ફોટોગ્રાફ્સ, પેઇન્ટિંગ્સ, વકતૃત્વ, ક્વીઝ, વિવિધ મોડેલ બનાવવા, કાર્ટૂન, સૂત્રો વગેરે શાળા/શિક્ષણ વિભાગની વેબસાઇટ/સોશિયલ સાઈટ પર પ્રદર્શિત કરી શકાય.
- પ્રદર્શનનું દસ્તાવેજીકરણ કરવું
- કચરાના સંગ્રહ માટે સ્થાનિક રિસાઇકલ-કાચા માલનો ઉપયોગ કરીને ઘરે કલાત્મક વસ્તુઓ બનાવવી એટલે કે તેમની સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી સ્થાનિક કુશળતાનો ઉપયોગ કરીને કલાત્મક કચરાપેટી બનાવવી.

**૧૩.૦૯.૨૦૨૪ અને ૧૪.૦૯.૨૦૨૪ (શુક્રવાર અને શનિવાર)**

**સ્વચ્છતા એક્શન પ્લાન દિવસ**

- SMC/SDMC શાળાના સ્વચ્છતા એક્શન પ્લાન વિધાર્થીઓ, વાલીઓ અને સ્થાનિક લોકોમાં જાગૃતિ લાવવી.
- શાળામાં સ્વચ્છતા પખવાડા પ્રવૃત્તિઓ પર ચર્ચા કરવા માટે ખાસ કરીને બાલ સંસદ/શાળા કેબિનેટની નાની જૂથ મિટિંગ બોલાવવી.
- સ્વચ્છતા પખવાડા હેઠળ કઇ નવી પ્રવૃત્તિઓ સમાવી શકાય તે અંગેના સૂચનો કરવા માટે સમુદાયના સભ્યો અને વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને આવા સૂચનો મિનિસ્ટ્રી ઓફ એજયુકેશન (MoE) ભારત સરકારને મોકલવા.

**૧૭.૦૯.૨૦૨૪ (મંગળવાર)**

**સ્વચ્છતા શપથ દિવસ**

- સ્વચ્છતા-શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે જેમાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો/સ્ટાફ જોડાઈ શકે છે. બાળકોએ સ્વચ્છતા વિષે વાત કરવી અને સંકલ્પ લેવો
- સ્વચ્છતા જાગૃતિ સંદેશ વિભાગ/સંસ્થા/શાળાઓની વેબસાઈટ પર મુકવામાં આવે.
- સ્વચ્છતા પખવાડીયાના પાસાને પ્રકાશિત કરવા માટે વેબપોર્ટલ પર ઈલેક્ટ્રોનિક બેનર બનાવી અને અપલોડ કરી શકાય. પ્રચાર અને જાગૃતિ માટે સોશિયલ મીડિયા, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાનો ઉપયોગ થઇ શકે છે.
- સ્વચ્છતા શપથ લેનાર વિદ્યાર્થીઓની અને શાળાઓની સંખ્યા ગુગલ ટ્રેકર પર તેમજ ફોટોગ્રાફ્સ, વીડિયો અને પ્રચાર સામગ્રી ગૂગલ ડ્રાઈવ પર અપલોડ કરવાની રહેશે.

**૧૭.૦૯.૨૦૨૪ (મંગળવાર)**

**ઇનામ વિતરણ દિવસ**

- નિબંધ, પેઇન્ટિંગ, ડિબેટ, ક્વિઝ, સ્લોગન, ઇન્ટર-સ્કૂલ અને ક્રાફ્ટિંગ, મોડેલ મેકિંગ વગેરે સ્પર્ધાઓમાં બાળકો, શિક્ષકો અને વાલીઓની ભાગીદારી માટે ઇનામ વિતરણ (પ્રત્યક્ષ સમારોહ ટાળવા, ઇનામોની વર્ચ્યુઅલ જાહેરાત કરી શકાય, ડિજિટલ પ્રમાણપત્રો આપવામાં આવે, સામાન્ય રીતે પ્રત્યક્ષ શાળા રાબેતા મુજબ શરૂ ન થાય ત્યાં સુધી ઇનામની વસ્તુઓ સોંપી દેવી)
- તમામ શાળાઓ/શૈક્ષણિક સંસ્થાઓ પખવાડા દરમિયાન તેમની પ્રવૃત્તિઓ અને હાથ ધરવામાં આવેલા કાર્યોને તારવી શકે છે અને વેબસાઇટ પર એટલે કે જાહેર ક્ષેત્રમાં અપલોડ કરવા માટે જિલ્લા/રાજ્ય સત્તાને આગળ મોકલવા માટે શ્રેષ્ઠ પ્રવૃત્તિ પસંદ કરી શકે છે.
- ઉપરોક્ત સ્વચ્છતા પખવાડા દરમિયાન રોજે રોજ ભાગ લીધેલ શાળાઓની સંખ્યા ગૂગલ ટ્રેકર પર તેમજ ફોટો, વીડિયો અને પ્રચાર સામગ્રી ગૂગલ ડ્રાઇવ પર અપલોડ કરવી.